જા.નં.મકમ/પરિપત્ર/૧૮-૧૯/૫૫૫૮
નિયામક, સમાજ સુરક્ષા ખાતાની કચેરી,
ગુજરાત રાજ્ય, બ્લોક નં.૧૬,
ડો. જીવરાજ મહેતા ભવન,
જુના સચિવાલય, ગાંધીનગર.
તા.૨૩/૦૮/૨૦૧૮

सत्यमेव जयते

## // પરિપત્ર //

વિષય- ૯મી ચિંતન શિબિર-૨૦૧૮
ચિંતન શિબિરની ભલામણો પરત્વે કાર્યવાહી હાથ ધરવા બાબત

ઉપર્યુક્ત વિષય અન્વયે તમામ સરકારી સંસ્થા/કચેરીના વડાઓને જણાવવાનું કે વિવિધ કચેરીઓને જણાવવામાં આવે છે કે, સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગ,સચિવાલય ગાંધીનગરના તા.૦૭/૦૭/૨૦૧૮ના પત્ર ક્રમાંક વસપ-૧૦૨૦૧૮-૫૨૪-વસુતાપ્ર-૧થી મળેલ સુચનાઓ પરત્વે પત્રમાં દર્શાવ્યા મુજબની કાર્યવાહી(નકલ સામેલ છે.) તાત્કાલિક હાથ ધરવા આથી જણાવવામાં આવે છે. તથા થયેલ કાર્યવાહીની વિગતવાર માહિતી અત્રે મોકલી આપવાની રહેશે.

% બિડાણ ઉપર મુજબ

નિયામક
સમાજ સુરક્ષા ખાતુ
ગુજરાતરાજ્ય,ગાંધીનગર

નકલ રવાના પરિપત્રનો તાત્કાલિક અમલ કરવા સારુ
- ✓ સર્વે જીલ્લા સમાજ સુરક્ષા અધિકારી તરફ જાણ તેમજ યોગ્ય કાર્યવાહી અર્થે.
- ✓ સર્વે અધિક્ષકશ્રી સરકારી સંસ્થાઓને સંબધિત જીલ્લા સમાજ સુરક્ષા અધિકારી મારફતે જાણ તેમજ યોગ્ય કાર્યવાહી અર્થે.

સવિનય નકલ રવાના-
- ✓ શ્રી.આર.કે.પાંડર,સેક્શન અધિકારી-છ-૧,સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગરને જાણ અર્થે.

# ૯મી ચિંતન શિબિર-૨૦૧૮ અન્વયે આપવાની થતી માહિતી અંગેનું પત્રક

| ક્રમ નં | કામગીરી | સરકારી કચેરીઓમાં ઉપલબ્ધ વ્યવસ્થાનો વિગતે અહેવાલ |
|---|---|---|
| ૧ | આપની કચેરી હસ્તકની સરકારી કચેરીઓમાં વ્હીલ ચેર,રેમ્પ રેલિંગની જરૂરી તમામ વ્યવસ્થા છે કે કેમ? | |
| ૨ | દિવ્યાંગ,વરિષ્ઠ નાગરિકો,માજી સૈનિકો તેમજ મહિલાઓને સરકારી સેવા મેળવવા અર્થે ફોર્મ ભરવા મદદ કરવા અર્થે કચેરીના વડાએ શું વ્યવસ્થા કરેલ છે.? | |
| 3 | આપના હસ્તકની/તાબાની જે કચેરીમાં પ્રવેશ પાસ મેળવવા અથવા સરકારી સેવાઓ મેળવવા માટે કે કોઇપણ કામ કરવા માટે કતારમાં ઉભા રહેવા થતું હોય ત્યારે દિવ્યાંગ,વરિષ્ઠ નાગરિકો,માજી સૈનિકો તેમજ મહિલાઓ માટે અલગ લાઇન/કાઉન્ટરની વ્યવસ્થા કરેલ છે કે કેમ? | |
| ૪ | દિવ્યાંગ,વરિષ્ઠ નાગરિકો,માજી સૈનિકો તેમજ મહિલાઓને તેઓની કચેરીમાં આપવામાં આવતી ખાસ સવલતો/સુવિધા તથા અગ્રતાની જાણ થાય તે માટે દરેક સરકારી કચેરીના પ્રવેશદ્વાર પર આ અંગેની વિગતો દર્શાવતું બોર્ડ મોટા અક્ષરમાં લખીને પ્રસિધ્ધ કરવાની વ્યવસ્થા કરેલ છે કે કેમ? | |
| ૫ | જો આવી સરકારી કચેરીમાં કે જે બહુમાળી મકાનોમાં બેસતી હોય અને જો ત્યાં લીફ્ટની વ્યવસ્થા ન હોય તો તે કચેરીમાં દિવ્યાંગ,વરિષ્ઠ નાગરિકો,માજી સૈનિકો તેમજ મહિલાઓ માટે કચેરીના ભોંયતળિયે એક અગ્રતા હેલ્પડેસ્ક રાખી તેમની અરજીઓ લેવાની તેમજ તેમના પ્રશ્નોના નિકાલની શું વ્યવસ્થા કરેલ છે? | |
| ૬ | સરકારી સેવાઓ મેળવવા અર્થે કચેરીના પ્રવેશદ્વાર આગળ યોજનાઓની સંપૂર્ણ માહિતી સાથેનું ડિસપ્લે બોર્ડ મુકેલ છે કે કેમ? | |

ક્ર: અપગ/૧૦૨૦૧૮/૪૩૧૯૩૦/છ-૧
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૩૦ /૦૭/૨૦૧૮

પ્રતિ,
નિયામકશ્રી,
સમાજ સુરક્ષા ખાતુ,
બ્લોક નં-૧૬,ડો. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.

વિષય :- <u>૯મી ચિંતન શિબિર-૨૦૧૮</u>
ચિંતન શિબિરની ભલામણો પરત્વે કાર્યવાહી કરવા બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વેના સામાન્ય વહીવટ વિભાગના તા.૦૭/૦૭/૨૦૧૮ના પત્રક્રમાંક : વસપ/૧૦૨૦૧૮/૫૨૪/વસુતાપ્ર-૧ની નકલ આ સાથે મોકલી આપતા જણાવવાનું કે વડોદરા ખાતે યોજાયેલ ચિંતન શિબિરમાં માન. મુખ્યમંત્રી દ્વારા કરવામાં આવેલા સૂચનો પરત્વે પત્રમાં દર્શાવ્યા મુજબની કાર્યવાહી કરવા વિનંતી છે

આપનો વિશ્વાસુ,

(આર.કે.પાંડર)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

બિડાણ : ઉપર મુજબ

નિયામક, સમાજ સુરક્ષા ખાતું, ગાંધીનગર
૯૮૧૬
AUG 2018
આવક
તારીખ
શાખા
રજીસ્ટ્રી અધિકારી

વસપ-૧૦૨૦૧૮/૫૨૪/વસુતાપ્ર-૧
સામાન્ય વહીવટ વિભાગ
બ્લોક નં-૭/૧, સચિવાલય, ગાંધીનગર
તા. 17 JUL 2018

સી. એમ. સદાદીયા
સંયુક્ત સચિવ

431930

પ્રતિ,
અધિક મુખ્ય સચિવશ્રી/ અગ્ર સચિવશ્રી/ સચિવશ્રી
સચિવાલયના સર્વે વિભાગો.

વિષય- ૯મી ચિંતન શિબિર-૨૦૧૮
ચિંતન શિબિરની ભલામણો પરત્વે કાર્યવાહી કરવા બાબત

શ્રીમાન,

વડોદરા ખાતે આયોજિત ૯મી ચિંતન શિબિરમાં માન. મુખ્યમંત્રીશ્રી દ્વારા સરકારી કચેરીઓમાં દિવ્યાંગ, વરિષ્ઠ નાગરિકો, માજી સૈનિકો તેમજ મહિલાઓને સેવા મેળવવામાં સરળતા રહે તે માટે અલગ વ્યવસ્થા ગોઠવવા ભલામણ કરેલ છે. આવા નાગરિકો માટે તમામ સરકારી કચેરીઓમાં તેમના કામકાજ માટે ખાસ વ્યવસ્થા ગોઠવવામાં આવે અને આવેલ વ્યક્તિઓને કામકાજમાં અગ્રતા મળે તે માટે નીચે મુજબની વ્યવસ્થા કરવા આજ્ઞાનુસાર વિનંતી કરવામાં આવે છે.

(૧) આપના વિભાગ હેઠળની સરકારી કચેરીઓમાં વ્હીલ ચેર, રેમ્પ રેલિંગની જરૂરી તમામ વ્યવસ્થા કરવી.
(૨) દિવ્યાંગ, વરિષ્ઠ નાગરિકો, માજી સૈનિકો તેમજ મહિલાઓને જ્યાં જરૂર જણાય ત્યાં ફોર્મ ભરવા માટે ફરજ પરના કર્મચારીએ મદદ કરવી.
(૩) આપના હસ્તકની/તાબાની જે કચેરીમાં પ્રવેશ પાસ મેળવવા અથવા સરકારી સેવાઓ મેળવવા માટે કે કોઇપણ કામ કરવા માટે કતારમાં ઉભા રહેવાનું થતું હોય ત્યારે દિવ્યાંગ, વરિષ્ઠ નાગરિકો, માજી સૈનિકો તેમજ મહિલાઓ માટે અલગ લાઇન/કાઉન્ટરની વ્યવસ્થા કરવી.
(૪) દિવ્યાંગ, વરિષ્ઠ નાગરિકો, માજી સૈનિકો તેમજ મહિલાઓને તેઓની કચેરીમાં આપવામાં આવતી ખાસ સવલતો/સુવિધા તથા અગ્રતાની જાણ થાય તે માટે દરેક

૨૧-૭-૧૮
૨૧/૭/૧૮

સરકારી કચેરીના પ્રવેશદ્વાર પર આ અંગેની વિગતો દર્શાવતું બોર્ડ મોટા અક્ષરમાં લખીને પ્રસિધ્ધ કરવું.

(૫) જો આવી સરકારી કચેરીઓ કે જે બહુમાળી મકાનોમાં બેસતી હોય ત્યાં જો લીફ્ટની વ્યવસ્થા ન હોય તો તે કચેરીમાં દિવ્યાંગ, વરિષ્ઠ નાગરિકો, માજી સૈનિકો તેમજ મહિલાઓ માટે કચેરીના ભોંયતળિયે એક અગ્રતા હેલ્પડેસ્ક રાખી તેમની અરજીઓ લેવાની રહેશે તેમજ તેમના પ્રશ્નોના નિકાલની ખાસ વ્યવસ્થા ગોઠવવાની રહેશે. આવી ઉપલબ્ધ સેવાઓની/વ્યવસ્થાની વિગતો બહુમાળી મકાનના પ્રવેશદ્વાર આગળ "ડીસ્પ્લે" બોર્ડ મુકવું.

ઉપર્યુક્ત વિગતેની વ્યવસ્થા આપના નિયંત્રણ હેઠળની કચેરીઓમાં ઉપલબ્ધ થાય/ગોઠવવામાં આવે તે અંગે આપના નિયંત્રણ હેઠળની કચેરીઓને સુચના આપવા આજ્ઞાનુસાર આપને વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

(સી. એમ. સદાદીયા)
સંયુક્ત સચિવ
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર
ફોન નં- ૨૩૨ ૫૦૪૩૭

નકલ રવાના-

- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, માન. મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મુખ્યસચિવશ્રીના નાયબ સચિવશ્રી, માન. મુખ્યસચિવશ્રીનું કાર્યાલય, બ્લોક નં-૧/૫, સચિવાલય, ગાંધીનગર.